# શ્રી બાબુલાલ પુનમચંદ શાહ વિદ્યાસંકુલ સંચાલિત,

# શ્રીમતી આર.એમ.પ્રજાપતિ આટ્ર્સ કોલેજ, સતલાસણા

# ૨૪ મો વાર્ષિકોત્સવ –૨૦૧૯–૨૦૨૦

# તારીખઃ– ૧૭/૦૨/૨૦૨૦

## કાર્યક્રમ સૂચિ

- પ્રાર્થના
- યુનિવર્સિટી ગીત : અમે ઉત્તર ગુર્જર વાસી
- મહેમાનોનું શાબ્દિક સ્વાગત અને પરિચય :
- મહેમાનોનું પુસ્તક / મોમેન્ટો તથા સાલથી સ્વાગત
- વાર્ષિક અહેવાલ વાંચન
- અધ્યાપક પ્રતિભાવ
- વિદ્યાર્થી પ્રતિભાવ
- 'અરવલ્લીનો ટહુકો' – વાર્ષિક સામયિક વિમોચન
- પુસ્તક વિમોચન
- અધ્યાપક સન્માન
- મહેમાનશ્રીઓનું ઉદ્‌બોધન
- અધ્યક્ષીય પ્રવચન
- ઈનામ વિતરણ
- આભાર દર્શન
- રાષ્ટ્રગીત

# શ્રીમતી આર.એમ.પ્રજાપતિ આટ્ર્સ કોલેજ, સતલાસણા

## ૨૪ મો વાર્ષિકોત્સવ – ૨૦૧૯–૨૦૨૦

## તારીખઃ– ૧૭/૦૨/૨૦૨૦

**સંકલન અને પ્રસ્તુત કર્તા : ડૉ.મનિષભાઈ ચૌધરી**

શ્રી બાબુલાલ પુનમચંદ શાહ વિદ્યાસંકુલ સંચાલિત શ્રીમતી આર.એમ.પ્રજાપતિ આટ્ર્સ કોલેજના ૨૪ મા વાર્ષિકોત્સમાં આપ સૌનું હું મનિષ ચૌધરી સ્વાગત કરુ છું. જેમ મોર તેના પીંછાથી શોભે છે તેમ આ કોલેજ તેની પ્રવૃત્તિઓથી શોભે છે. અહીં વર્ષ ૨૦૧૯–૨૦૨૦ ના લેખા – જોખા પર એક નજર કરીએ. શ્રીમતી આર.એમ.પ્રજાપતિ આટ્ર્સ કોલેજ, સતલાસણા ગઢવાડા વિસ્તારમાં ઉચ્ચશિક્ષણ લેતા વિદ્યાર્થી ભાઈ – બહેનો માટે શિક્ષણનું વિદ્યાધામ બની રહી છે. ૧૯૯૬ માં ૬૫ વિદ્યાર્થીઓથી શરૂ કરેલ આ સંસ્થામાં ચાલુ વર્ષે ૨૬૦૮ વિદ્યાર્થીઓ ઉચ્ચશિક્ષણ મેળવવાની સાથે પોતાનો સર્વાંગી વિકાસ કરી રહયા છે. કોલેજના સ્થાપના વર્ષથી ગુજરાતી, અંગ્રેજી, હિન્દી, સંસ્કૃત આ ચાર ભાષાઓ સહિત સમાજશાસ્ત્ર મુખ્ય વિષય તેમજ અંગ્રેજી સિવાય ગૌણ વિષયો શીખવવામાં આવે છે. આ પાંચેય વિષયોમાં અનુસ્નાતક કેન્દ્ર કાર્યરત છે.

નેશનલ એસેસમેન્ટ એન્ડ એક્રીડીટેશન કાઉન્સિલના II$^{nd}$ Cycle રી એક્રીડીટેશન મૂલ્યાંકન બાદ આ કોલેજને ગુણવતાના ધોરણે **'બી' ગ્રેડ (૨.૭૯ પોઈન્ટ)** પ્રાપ્ત થયેલ છે. વિશેષમાં આ કોલેજને **કોલેજ વીથ પોટેન્શિયલ ફોર એકસલન્સ** એવોર્ડ થી પણ યુ.જી.સી. ધ્વારા પુરસ્કૃત કરવામાં આવેલ છે.

કેન્દ્ર સરકારના પ્રકલ્પ ઉન્નત ભારત અભિયાન અંતર્ગત ઉત્તર ગુજરાતની આર્ટ્સ કૉલેજો પૈકી આ કૉલેજનું સિલેક્શન થયું. તે અભિયાનના ભાગ રૂપે પાંચ ગામના ઘરે ઘરે જઇને એન.એસ.એસ.ના 25 વિદ્યાર્થીઓએ સર્વે કરી ઓનલાઇન ડેટા એન્ટ્રી કરી કાર્ય પૂર્ણ કર્યું, જેની પચાસ હજાર રૂપિયા ગ્રાન્ટ પ્રાપ્ત થઇ, જેનાથી વિદ્યાર્થીઓને પણ આર્થિક ઉપાર્જનની તક મળી.

R U S A (રાષ્ટ્રીય ઉચ્ચતર શિક્ષા અભિયાન) હેઠળ રૂ.2,00,00,000 (બે કરોડ)નું અનુદાન પ્રાપ્ત થયેલ છે.

કૉલેજમાં ચાલતા પાંચ વિષયો પૈકી જે તે વિષયમાં પ્રથમ આવનાર દરેકને ગોલ્ડ મેડલ અને સમગ્ર કૉલેજમાં પ્રથમ આવનારને એમ કુલ મળીને છ ગોલ્ડ મેડલ આપવામાં આવે છે. તેના માટે

દાતાઓ તરફથી રૂપિયા એકાવન હજારનું દાન પ્રાપ્ત થયેલ છે. ગરીબ રાહત વિદ્યાર્થી ફંડ જે ચાલે છે તેમાં રૂપિયા એક લાખની ડીપોઝીટ દાન પેટે જમા થયેલ છે.

ચાલુ વર્ષે બી.એ. સેમેસ્ટર – ૧ માં **૧૦૧૪** વિદ્યાર્થીઓ, સેમેસ્ટર ૩ માં **૬૮૮** વિદ્યાર્થીઓ તેમજ બી.એ.સેમેસ્ટર ૬ માં **૪૯૮** વિદ્યાર્થીઓ એમ કુલ સ્નાતક કક્ષાએ **૨૨૦૦** વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહયા છે. અનુસ્નાતક અભ્યાસ કેન્દ્રમાં કુલ **૪૦૮** વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહયા છે. આ ઉપરાંત કોલેજને અનુસ્નાતક અક્સટર્નલ પરીક્ષાનું કેન્દ્ર પણ મળેલ છે.

ગત વર્ષ ૨૦૧૮–૧૯ ના પરિણામો ઉપર નજર નાખીએ તો બી.એ.સેમ.૨ માં પ્રજાપતિ રિંકુબેન સોમાભાઈ ૭૨.૫૯ % સાથે પ્રથમ નંબરે તથા દરજી શ્રધ્ધાબેન રાજેશભાઈ ૭૨.૦૩% સાથે દ્વિતિય નંબરે તથા ઠાકરડા ભીખાજી ગલબાજી ૭૦.૫૫% સાથે તૃતીય નંબરે રહયા હતા. બી.એ.સેમ.૪ માં પરમાર કૃપલકુમાર વીરભદ્રસિંહ ૭૩.૬૧% સાથે પ્રથમ રહયા હતા તથા પ્રજાપતિ નેહાબેન રસિકલાલ ૭૨.૩૪% સાથે દ્વિતિય રહયા હતા તથા પટેલ પલકબેન મુકેશભાઈ ૭૧.૪૮% સાથે તૃતીય નંબરે રહયા હતા. બી.એ.સેમ.૬ માં ભાટી બ્રિજરાજકુમાર મહિપતસિંહ ૭૬.૫૯% સાથે પ્રથમ નંબરે રહયા હતા તથા રબારી ભારતીબેન તેજાભાઈ ૭૩.૮૨% દ્વિતીય નંબરે રહયા હતા તથા ઠાકોર ચેતનાબેન તલાજી ૭૨.૯૭ % સાથે તૃતીય નંબરે રહયા હતા.

એમ.એ.સેમ.૨ માં ચૌહાણ જગદીશ દેવાભાઈ ૭૫.૧૪% સાથે પ્રથમ નંબરે રહયા હતા તથા વાઘેલા ચંદુભાઈ નાથાભાઈ ૭૧.૪૨% સાથે દ્વિતિય નંબરે રહયા હતા તથા મહાલા દિપક નવસુભાઈ ૭૦.૮૫ % સાથે તૃતીય નંબરે રહયા હતા. એમ.એ.સેમ.૪ માં વડનાથાની ઉર્વશીબેન વાલજીભાઈ ૭૮.૮૫ % સાથે પ્રથમ નંબરે રહયા હતા તથા પરમાર શૈલેષકુમાર જયંતીભાઈ ૭૬ % દ્વિતિય નંબરે રહયા હતા તથા પ્રજાપતિ જગદીશચંદ્ર અમથાલાલ ૭૩.૭૧% સાથે તૃતીય નંબરે રહયા હતા.

- યુનિવર્સિટી પ્રેરિત **કોલેજની પ્રવૃતિઓ :–**

- તા.૨૮,૨૯,૩૦ ડિસેમ્બર ૨૦૧૯ ના રોજ યુનિવર્સિટી કક્ષાની સંગીત શિબિર તાલીમ શિબરનું આયોજન કર્યુ હતું.

**રાષ્ટ્રીય સેવા યોજના :–**

એન.એસ.એસ.ના પ્રોગ્રામ ઓફીસર તરીકે ડૉ.શૈલેશ જોષી અને ડૉ.માલાબેન ડી.ગામીતે ૨૦૧૬ ના શૈક્ષણિક વર્ષથી જવાબદારી સંભાળી અમારી કોલેજમાં એન.એસ.એસ. ના બે યુનિટ એટલે કે કુલ ૨૦૦ વિદ્યાર્થીઓ એન.એસ.એસ.માં જોડાયેલા છે. કોલેજમાં નિયમિત પ્રવૃતિઓ આ પ્રમાણે યોજાઈ.

## ૨૦૧૯–૨૦૨૦ દરમ્યાન થયેલ પ્રવૃતિઓ ઉપર નજર નાખીએ તો......

- ❖ વર્ષની શરૂઆતમાં ઓરીએન્ટેશન કાર્યક્રમ યોજાયો જેમાં એન.એસ.એસ. માં જોડાયેલ નવા વિદ્યાર્થીઓને આવકાર, પ્રોત્સાહન, માર્ગદર્શન આપવામાં આવ્યું.
- ❖ તા.૦૩/૦૭/૨૦૧૯ ના રોજ પ્રા.મુકેશ પટેલ એમ.એન.કોલેજ વિસનગરથી વિદ્યાર્થીઓની ટીમ સાથે આવ્યા અને વ્યાખ્યાન યોજાયું.
- ❖ તા.૨૧/૦૬/૨૦૧૯ ના રોજ આંતરરાષ્ટ્રિય યોગ દિવસની ઉજવણી કરી.
- ❖ તા.૨૪/૦૬/૨૦૧૯ ના રોજ કોલેજ કેમ્પસમાં વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો જેમાં વૃક્ષો ઉગાડવામાં આવ્યા હતા.
- ❖ તા.૧ ઓગસ્ટ થી ૧૫ ઓગસ્ટ ૨૦૧૯ દરમિયાન સ્વચ્છતા પખવાડીયાની ઉજવણી કરવામાં આવી હતી, જેમાં વ્યાખ્યાન અને શપથ કાર્યક્રમ ઉપરાંત કેમ્પસ સફાઈ યોજવામાં આવી.
- ❖ તા.૦૪/૦૮/૨૦૧૯ ના રોજ જિલ્લા કક્ષાનો વન મહોત્સવ યોજાયો. જેમાં ગુજરાત રાજયના નાયબ મુખ્યમંત્રીશ્રી નિતિન પટેલ ઉપસ્થિત રહયા તથા ભૂમિ પૂજન કર્યુ.
- ❖ તા.૦૮/૦૮/૨૦૧૯ ના રોજ મહિલા કાનૂની દિવસની ઉજવણી કરવામાં આવી.
- ❖ બેટી બચાવો, બેટી પઢાવો કાર્યક્રમ – અમર વ્યાસ (બી.જે.મેડીકલ કોલેજ અમદાવાદ ધ્વારા વ્યાખ્યાન)
- ❖ તા.૧૪/૦૮/૨૦૧૯ ના રોજ બ્રહમાકુમારીની બહેનો ધ્વારા રક્ષાબંધન કાર્યક્રમ
- ❖ તા.૨૯/૦૮/૨૦૧૯ ના રોજ ફીટ ઈન્ડીયા કાર્યક્રમ
- ❖ તા.૧૩/૦૯/૨૦૧૯ ના રોજ પ્લાસ્ટિક હટાવો ઝુંબેશ અને મહાસ્વચ્છતા અભિયાન યોજાયું.
- ❖ તા.૧૭/૦૯/૨૦૧૯ ના રોજ નરેન્દ્ર મોદીના જન્મદિને રકતદાન કેમ્પ યોજયો
- ❖ તા.૨૩/૦૯/૨૦૧૯ થી ૨૭/૦૯/૨૦૧૯ દરમિયાન સાદર ગ્રામ સેવા મહાવિદ્યાલયના સહયોગથી ગાંધી જીવનયાત્રાનું આયોજન જેમાં તાલુકાના ૨૦ ગામોમાં વિચારનો પ્રચાર – પ્રસાર ...
- ❖ ૮૩૪ વિદ્યાર્થીઓનો થેલેસેસ્મિયા ટેસટ તથા માઈનોર થેલેસેમિયા ગ્રસ્ત વિદ્યાર્થીઓનું કાઉન્સેલિંગ ટીમ ધ્વારા કરવામાં આવ્યું.
- ❖ રાષ્ટ્રીય યુવા દિન, સુભાષચંદ્ર બોઝ જયંતી, ગાંધી નિર્વાણદિન નિમિતે વકતૃત્વ સ્પર્ધા અને જ્ઞાન કસોટીનું આયોજન
- ❖ રાષ્ટ્રીય મતદાતા દિવસ
- ❖ વિવિધ કોલેજના યજમાન પદે યોજતી યુનિ.કક્ષાની દરેક શિબિરમાં જેમ કે પાટણ, મોડાસા મુકામે કોલેજમાંથી વિદ્યાર્થીઓ ચાલુ વર્ષે જોડાયા હતા.

- ❖ તા.૨૩/૧૨/૨૦૧૯ થી તા.૨૯/૧૨/૨૦૧૯ દરમિયાન ૧૦૦ શિબિરાર્થીઓ ધ્વારા સપ્તાહનો કેમ્પ તાલુકાના ઉમરી મુકામે યોજાવામાં આવ્યો હતો. તે ગામને દત્તક જાહેર કરવામાં આવ્યું.
- ❖ એક ભારત શ્રેષ્ઠ ભારત પ્રોગ્રામ હેઠળ કવીઝ, નિબંધ સ્પર્ધા, વ્યાખ્યાન તેમજ સ્વચ્છતા અંતર્ગત કાર્યક્રમો યોજવામાં આવ્યા.

## ❖ એન.સી.સી. વિભાગ :–

આઠ વર્ષથી કોલેજમાં એન.સી.સી. કાર્યરત છે. એન.સી.સી. ઓફિસર તરીકે ગુજરાતી વિભાગના ડાં.મનિષભાઈ બી. ચૌધરી જવાબદારી નિભાવી રહયા છે. એન.સી.સી. અંતર્ગત કોલેજના ૫૫ વિદ્યાર્થીઓ જોડાયેલ છે. ચાલુ વર્ષે બહેનોમાં કુંભાર સ્નેહાબેન મુળાભાઈ અને ભાઈઓમાં ઠાકોર રોહિતજી પરબતજી એન.સી.સી.ના બેસ્ટ કેડેટ તરીકે પસંદગી પામે છે. છેલ્લા આઠ વર્ષ દરમિયાન આર્મી તથા પોલીસમાં ૩ ૨ જેવા વિદ્યાર્થીઓએ નોકરી મેળવેલ છે.

## સાંસ્કૃતિક વિભાગ :–

સાંસ્કૃતિક વિભાગમાં કો–ઓર્ડીનેટર તરીકે પ્રા.ડૉ.યોગેશ પટેલ છે. તેમની ટીમમાં ડાં.કિર્તીકુમાર જાદવ, ડૉ.મનીષ ચૌધરી, ડાં.દિપીકા કે. રોહિત, ડૉ.ભારતીબેન પટેલ, ડૉ.શૈલેષ જોષી જવાબદારી નિભાવી રહયા છે.

## સપ્તધારા વિભાગ :–

સપ્તધારાના કો–ઓર્ડિનેટર તરીકે ડાં.રાકેશ જોષી ખૂબ જ ઉત્સાહ પૂર્વક કાર્ય કરી રહયા છે. સપ્તધારાની વિભિન્ન ધારાઓ જેવી કે જ્ઞાનધારા, કલા કૌશલ્ય ધારા, સામુદાયિક સેવા ધારા, વ્યાયામ ખેલકૂદ ધારા વગેરે ધારાઓમાં વિદ્યાર્થીઓને માહિતી અને માર્ગદર્શન પુરૂ પાડી રહયા છે. આ વર્ષે જુદી જુદી ધારાઓ અંતર્ગત સામાન્ય જ્ઞાન કસોટી, વકતૃત્વ સ્પર્ધા, ચિત્ર સ્પર્ધા, અને સામુદાયિક સેવાની પ્રવૃતિઓ કરવામાં આવી. સપ્તધારા ધ્વારા વિવિધ ડે ની ઉજવણી કરવામાં આવી છે.

## શારીરિક શિક્ષણ વિભાગ :–

શારીરિક શિક્ષણ વિભાગમાં પ્રા.ધર્મેન્દ્રભાઈ પટેલ કાર્યરત છે. જેમને ચાલુ વર્ષે ૩ નેશનલ સેમિનાર કરેલ છે. ચાલુ વર્ષે યુનિ. કક્ષાની ભાઇઓ અને બહેનોની બેડમિન્ટન સ્પર્ધા કૉલેજના યજમાનપદે યોજાઇ હતી. તેમાં બહેનોની સિંગલ સ્પર્ધામાં ચૌહાણ તેજલબેન મહેન્દ્રસિંહને ગોલ્ડમેડલ અને બહેનોની ડબલ્સની સ્પર્ધામાં ચૌહાણ તેજલબેન મહેન્દ્રસિંહ અને પટેલ સેજલબેન પ્રભુદાસને

ગોલ્ડ મેડલ મળ્યો હતો. તે બન્ને બહેનો યુનિ. દ્વારા સિલેક્ટ થઇને કોટા (રાજસ્થાન) મુકામે રમવા ગયા હતા. ખેલ મહાકુંભ એથ્લેટીકસમાં ૨૦૦ મી. દોડમાં ઠાકોર ગોવિંદજી કાળુજીએ જીલ્લા કક્ષાએ દ્વિતિય નંબર મેળવ્યો હતો.

- ફિટ ઈન્ડિયા અંતર્ગત રેલી અને સાયકલ રેલી
- વિશ્વયોગ દિવસ નિમિતે સતલાસણા તાલુકાની ૫ સ્કુલો તથા મામલતદાર કચેરી અને કોલેજના વિદ્યાર્થીઓએ યોગ કર્યો.
- ચાલુ વર્ષે આપણી કોલેજે યુનિ.કક્ષાએ કબડી, ક્રોસકન્ટ્રી, ખો–ખો, બેડમિન્ટન, એથ્લેટીકસ સ્પર્ધામાં ભાગ લીધો હતો.
- યુનિવર્સિટીની ટીમ લઈને શ્રી ધર્મેન્દ્રભાઈ પટેલ બેડમિન્ટન બહેનોની ટીમ લઈને કોટા મુકામે ગયા હતા તથા જૂડો બહેનોની ટીમ લઈને કાનપુર મુકામે ગયા હતા.

**ગ્રંથાલય વિભાગ :–**

આધુનિક સુવિધાઓની સજ્જ ગ્રંથાલયની નવીન મકાનમાં વિવિધ સેવાઓ પુરી પાડતા ગ્રંથાલય વિભાગમાં ડૉ. ભગવાનભાઈ કે. ચૌધરી સેવાઓ આપી રહયા છે. તેઓશ્રી ૧૯૯૬ થી ૨૦૧૯ સુધી હેમ.ઉ.ગુ.યુનિ.માં ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિભાગમાં બી.એલ.આઈ.એસસી. અને એમ.એલ.આઈ. એસસી. તથા ૨૦૧૪ - ૨૦૨૦ સુધી એમ.ફીલમાં મુલાકાતી વ્યાખ્યાતા તરીકે સેવા આપી રહયા છે. વિશેષમાં તેઓ કોલેજની વિવિધ સમિતિઓમાં સક્રીય રીતે કાર્યરત છે. તેમજ ત્રણ સંશોધન લેખો પ્રકાશિત કરેલ છે. તેમની કુશળતાથી ગ્રંથાલયમાં સંપૂર્ણ સોલ પ્રોગ્રામ અંતર્ગત આધુનિકીકરણ થઈ શકયું છે. તેઓશ્રી પીએચ.ડી. ના માર્ગદર્શક તરીકે સેવા આપી રહ્યા છે. તેમના માર્ગદર્શન હેઠળ ત્રણ વિદ્યાર્થીઓ પીએચ.ડી. પૂર્ણ કરેલ છે અને ચાર વિદ્યાર્થીઓનું પીએચ.ડી. ચાલુ છે. ૦૯ વિદ્યાર્થીઓએ એમ.ફિલ. પૂર્ણ કરેલ છે. ૦૧ વિદ્યાથીનું એમ.ફિલ. ચાલુ છે. તેમજ કોલેજ સિવાયના અન્ય વ્યકિતઓને પણ ગ્રંથાલયના સભ્યો બનાવવામાં આવ્યા છે. ગ્રંથાલયમાં કુલ **૩૨૦૦૦** પુસ્તકો છે. ગ્રંથાલયને રત્નત્રયી, ટ્રસ્ટ મુંબઈ ધ્વારા ૧૬૭ પુસ્તકો ભેટ મળેલ છે. તેમજ **૬૨ સામાયિકો** નિરંતર આવે છે. ચાલુ વર્ષે **૭૮૧૪** વાચકો તેમજ પુસ્તક ઈસ્યુની સંખ્યા **૩૭૯૬** રહેલ છે. ઉપરાંત ગ્રંથાલયમાં બારકોડ સિસ્ટમથી પુસ્તક ઈસ્યુ, રીટર્નનું કાર્ય કરવામાં આવે છે. ગ્રંથાલયમાં રીડીંગ માટેની સુવિધા તેમજ વિદ્યાર્થીઓ માટે ઈન્ટરનેટની સુવિધા ઉપલબ્ધ છે. ગ્રંથાલયમાં બી.એ. સેમ.૧ થી અનુસ્નાતક સુધી તમામ

આંતરીક અને યુનિવર્સિટી પરીક્ષાના પેપર ફાઈલ સ્વરૂપે તેમજ સ્કેન કરી રાખવામાં આવે છે જેમાં વર્ષ દરમ્યાન પેપર સેટનો ઉપયોગ કરનાર વાચકોની સંખ્યા **૧૬૨** છે. **ઓપેક** સિસ્ટમ ધ્વારા સમગ્ર પુસ્તકોની માહિતી સરળતાથી ઉપલબ્ધ થઈ શકે છે. એન.લીસ્ટ પ્રોગ્રામ અંતર્ગત ઈ–જર્નલસ સુવિધા ઉપલબ્ધ છે.

**અંગ્રેજી વિભાગ :–**

અંગ્રેજી વિભાગમાં ડાં.રાકેશ જોષી અધ્યક્ષ તરીકે કાર્યરત છે. ચાલુ વર્ષે નેશનલ ૧ તેમજ રાજયકક્ષાના ૧ સેમિનારમાં ઉપસ્થિત રહી શોધપત્ર રજૂ કર્યા હતા. તેમનું આંતર રાષ્ટ્રીય ઇ-મેગેઝીન (IJRAR) માં ૧ સંશોધન પેપર પ્રકાશિત થયેલ છે. વિશેષમાં તેઓએ સાયન્સ કોલેજ પાલનપુર મુકામે યોજાયેલ યુનિવર્સિટી કક્ષાની વ્યકિતત્વ વિકાસ શિબિરમાં તજજ્ઞ વ્યાખ્યાન આપેલ છે. ફીનીશીંગ સ્કૂલના કો.ઓર્ડીનેટર તરીકેની જવાબદારી સુપેરે નિભાવી રહયા છે.

ડાં.દિપકભાઈ દેસાઈ ચાલુ વર્ષે બે રાષ્ટ્રીય સેમિનારમાં ઉપસ્થિત રહી સંશોધનપત્ર રજુ કર્યા હતા. સ્કોપ કો.ઓર્ડીનેટર તરીક ફરજ બજાવે છે.

ડાં.ભરતભાઈ પટેલ અંગ્રેજીના અધ્યાપક તરીકે સેવાઓ આપી રહયા છે. તેઓશ્રી ધ્વારા ચાલુ વર્ષે બે રાષ્ટ્રીય સેમિનારમાં ઉપસ્થિત રહી પોતાના સંશોધન પત્રો રજુ કર્યા હતા. તેઓશ્રીએ IQAC ના કો.ઓર્ડીનેટર તરીકે કોલેજની જવાબદારી સંભાળી રહયા છે. આ ઉપરાંત AISHE, BISAG ની જવાબદારી સંભાળી રહયા છે.

**સમાજશાસ્ત્ર વિભાગ :–**

ચાલુ વર્ષે સમાજશાસ્ત્ર વિભાગમાં આદિવાસી દિન ઉજવણી અને શિક્ષક દિનની ઉજવણી કરવામાં આવેલ છે. તેમજ વિદ્યાથીઓ પાસે જુદા જુદા સમાજશાસ્ત્રીઓ વિશેની માહિતી આપતા ચાર્ટ અને પ્રોજેકટ વર્ક તૈયાર કરાવવામાં આવેલ છે.

કોલેજના આચાર્યશ્રી ડાં.જયેશભાઈ બારોટ ના માર્ગદર્શન હેઠળ **૧૭ વિદ્યાર્થીઓએ પીએચ.ડી.** પૂર્ણ કરેલ છે તેમજ **૩૪ વિદ્યાર્થીઓ એમ.ફીલ.** પૂર્ણ કરેલ છે. વિશેષમાં તેઓ **નેક પીઅર ટીમના મેમ્બર, ગુજરાત સમાજશાસ્ત્ર પરિષદના ઉપપ્રમુખ, બોર્ડ ઓફ સ્ટડીઝના ચેરમેન, હેમ.ઉ.ગુ.યુનિ. પાટણ** સેનેટ સભ્ય,એકેડેમીક કાઉન્સિલ સભ્ય, બી.યુ.ટી.આર. સભ્ય, K.C.G. - AAA ટીમના ચેરમેન તથા મેમ્બર તરીકે પણ કાર્યરત છે. આ વર્ષે ૧ આંતરરાષ્ટ્રિય અને ૨ રાષ્ટ્રીય સેમિનાર તથા રાજયકક્ષાના ૧ સેમિનારમાં ભાગ લીધો હતો અને સંશોધન પેપર પ્રસ્તુત કરેલ છે. તેમના આંતર રાષ્ટ્રીય ઇ-મેગેઝીન (IJRAR) માં ૨ સંશોધન પેપર પ્રકાશિત થયેલ છે. ડાં.બાબાસાહેબ આંબેડકર ચેર, હેમ.ઉ.ગુ.યુનિ. પાટણના ચેરપર્સન તરીકે કાર્યરત છે.

સમાજશાસ્ત્રના અધ્યાપક વી.કે.પગી સમાજશાસ્ત્ર વિષયમાં અધ્યક્ષ તરીકે કાર્યરત છે. જેઓએ ૨ નેશનલ સેમિનારમાં ભાગ લીધેલ છે. તેમનું આંતર રાષ્ટ્રીય ઇ-મેગેઝીન (IJRAR) માં ૧ સંશોધન પેપર પ્રકાશિત થયેલ છે. સમાજશાસ્ત્રના અધ્યાપિકા પ્રા.કલ્પનાબેન બી. ચૌધરી કોલેજના સાંસ્કૃતિક કાર્યક્રમોમાં ઉત્સાહપૂર્વક વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપી રહયા છે. સાથે વિવિધ કમીટીઓમાં અને સ્પર્ધાઓમાં નિર્ણાયક તરીકે ભૂમિકા ભજવી રહયા છે. ચાલુ વર્ષમાં તેમનું આંતર રાષ્ટ્રીય ઇ-મેગેઝીન (IJRAR) માં ૧ સંશોધન પેપર પ્રકાશિત થયેલ છે. ચાલુ વર્ષમાં તેમણે પીએચ.ડી. પદવી પ્રાપ્ત કરેલ છે તેમજ એસ.પી.યુનિ.માં ઓરીએન્ટેશન કોર્ષ પૂર્ણ કરેલ છે અને CCC+ ની પરીક્ષા પાસ કરેલ છે. આજ વર્ષમાં તેમણે ગ્રામીણ આદિવાસી સ્ત્રીઓમાં કુટુંબ નિયોજન એ શીર્ષક હેઠળ પુસ્તક પ્રકાશિત કરેલ છે.

સમાજશાસ્ત્ર વિભાગમાં ડાં.વિષ્ણુભાઈ વણકરે ચાલુ વર્ષે તેમનું આંતર રાષ્ટ્રીય ઇ-મેગેઝીન (IJRAR) માં ૧ સંશોધન પેપર પ્રકાશિત થયેલ છે. તેમજ સરદાર પટેલ યુનિવર્સિટીમાં ઈન્ડીયન ડાયસ્પોરા ધ્વારા આયોજિત આંતરરાષ્ટ્રીય કોન્ફરન્સમાં ભાગ લઈ પેપર રજુ કરેલ છે. તેમજ વિદ્યાર્થીઓને નેટ તથા જી સ્લેટની પરીક્ષાની તૈયારી માટે માર્ગદર્શન આપે છે. ડાં.માલાબેન ગામીત આ વિભાગમાં કાર્યરત છે. તેઓ એન.એસ.એસ. ના પ્રોગ્રામ ઓફિસર તરીકે પણ સેવા બજાવી રહયા છે. સાદરા મુકામે એન.એસ.એસ. ના વર્કશોપમાં ભાગ લીધેલ છે. તેમનું આંતર રાષ્ટ્રીય ઇ-મેગેઝીન (IJRAR) માં ૧ સંશોધન પેપર પ્રકાશિત થયેલ છે. અને ચાલુ વર્ષે ૨ નેશનલ સેમિનારમાં ભાગ લીધેલ છે. સમાજશાસ્ત્ર વિભાગમાં ડાં.દિપીકાબેન રોહિત અધ્યપિકા તરીકે કાર્યરત છે. જેઓએ ૧ ઈન્ટરનેશલ, ૩ નેશનલ અને ૧ સ્ટેટ લેવલના સેમિનારમાં ભાગ લીધેલ છે. તેઓ કોલેજની વિવિધ કમીટીઓમાં અને સ્પર્ધાઓમાં ભૂમિકા ભજવેલ છે. તેમનું આંતર રાષ્ટ્રીય ઇ-મેગેઝીન (IJRAR) માં ૧ સંશોધન પેપર પ્રકાશિત થયેલ છે.

**હિન્દી વિભાગ :–**

હિન્દી વિભાગના અધ્યક્ષ તરીકે ડાં.કે.એસ.જાદવ કાર્યરત છે. હેમ.ઉ.ગુ.યુનિ. ધ્વારા ચાલતા એમ.ફીલ. તથા પીએચ.ડી.ના ગાઈડ તરીકે સેવા આપી રહયા છે. તેઓ ચાલુ વર્ષે બોર્ડ ઓફ સ્ટડીઝ હેમચંદ્રાચાર્ય ઉ.ગુ.યુનિ. પાટણના મેમ્બર પણ છે. ચાલુ વર્ષે પત્રપત્રિકા લેખ અને વ્યાખ્યાન આપેલ છે. ચાલુ વર્ષે એ.ફિલ.માં ૧૩ તથા પીએચ.ડી. માં ત્રણ વિદ્યાર્થીઓ તેમના હાથ નીચે માર્ગદર્શન મેળવી રહયા છે.

હિન્દી વિભાગના અધ્યાપક ડાં.વિનોદચંદ્ર જી. ચૌધરી ચાલુ વર્ષે તેમને હેમ.ઉ.ગુ.યુનિ.ના પીએચ.ડી.ના ગાઈડ તરીકે માન્યતા મળેલ છે. તેમનું આંતર રાષ્ટ્રીય ઇ-મેગેઝીન (IJRAR) તથા (JETIR) માં ૨ સંશોધન પેપર પ્રકાશિત થયેલ છે.

## સંસ્કૃત વિભાગ :–

સંસ્કૃત વિભાગ ધ્વારા ગીતાજયંતી અને ગુરૂ પૂર્ણિમા આ બે દિવસની ઉજવણી કરવામાં આવી હતી. સંસ્કૃત ભારતી ધ્વારા સંસ્કૃત ગૌરવ પરીક્ષાનું આયોજન કર્યુ હતું અને વિદ્યાર્થીઓને સફળ માર્ગદર્શન આપ્યું હતું.

સંસ્કૃત વિભાગમાં ડૉ.મંજુલાબેન એ. પટેલ વિભાગના અધ્યક્ષ તરીકે કાર્યરત છે. ચાલુ વર્ષે તેમણે બે રાષ્ટ્રીય સેમિનારમાં ઉપસ્થિત રહી સંશોધન પેપર રજૂ કરેલ છે. તેમનું આંતર રાષ્ટ્રીય ઇ-મેગેઝીન (IJRAR) માં ૧ સંશોધન પેપર પ્રકાશિત થયેલ છે.

સંસ્કૃત વિભાગના અધ્યાપક ડૉ.ભગવાનભાઈ પ્રજાપતિએ ચાલુ વર્ષે ૩ રાષ્ટ્રિય સેમિનાર તથા આંતર રાષ્ટ્રીય સેમિનારમાં ઉપસ્થિત રહી સંશોધન પેપર રજૂ કરેલ છે. તેમનું આંતર રાષ્ટ્રીય ઇ-મેગેઝીન (IJRAR) માં ૧ સંશોધન પેપર પ્રકાશિત થયેલ છે. તેઓ પીએચ.ડી. ના ગાઈડ પણ છે તથા તેમના માર્ગદર્શન હેઠળ 3 વિદ્યાર્થીઓ પીએચ.ડી. કરી રહયા છે. તેમાંથી એક વિદ્યાર્થી પીએચ.ડી. પૂર્ણ કરી ડીગ્રી પ્રાપ્ત કરેલ છે. તેઓ કોલેજના વિકલી ટેસ્ટના કો.ઓર્ડીનેટર તરીકે તેમજ અન્ય કમિટિઓમાં કાર્યરત છે.

સંસ્કૃત વિભાગના અધ્યાપક ડૉ.રમેશભાઈ એસ. પ્રજાપતિ અમદાવાદ કોલેજ આયોજિત આંતર રાષ્ટ્રિય સેમિનાર તેમજ પાંચ રાષ્ટ્રિય સેમિનારમાં ઉપસ્થિત રહી સંશોધન પેપર રજૂ કરેલ છે. તેમનું આંતર રાષ્ટ્રીય ઇ-મેગેઝીન (IJRAR) માં ૧ સંશોધન પેપર પ્રકાશિત થયેલ છે. વધુમાં તેઓ ભૂતપૂર્વ વિદ્યાર્થી પરિષદના કો–ઓર્ડીનટર તરીકે કાર્યરત છે. તેમજ કોલેજની અન્ય કમીટીઓમાં કાર્યરત છે. તાજેતરમાં તેમને હેમ.ઉ.ગુ.યુનિ.ની પીએચ.ડી.ની ગાઈડશીપ મળેલ છે.

ડૉ.શૈલેષ જોષી ચાલુ વર્ષે ૨ નેશનલ સેમિનારમાં ઉપસ્થિત રહી પેપર રજૂ કર્યા હતા. તેઓ એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર તરીકેની ફરજ નિભાવી રહયા છે. ઉન્નત ભારત અભિયાનના કો.ઓર્ડીનેટરની જવાબદારી નિભાવી રહયા છે. તેમણે જુલાઈ ૨૦૧૯માં એન.એસ.એસ.ની તાલીમ સાદરા મુકામે કરેલ છે. જેમનું આંતર રાષ્ટ્રીય ઇ-મેગેઝીન (IJRAR) માં ૧ સંશોધન પેપર પ્રકાશિત થયેલ છે.

પ્રા.ભારતીબેન પટેલ ચાલુ વર્ષે ૩ રાષ્ટ્રીય સેમિનારમાં ઉપસ્થિત રહી સંશોધન લેખ રજૂ કર્યા છે. જેમનું આંતર રાષ્ટ્રીય ઇ-મેગેઝીન (IJRAR) માં ૧ સંશોધન પેપર પ્રકાશિત થયેલ છે.

## ગુજરાતી વિભાગ :–

ગુજરાતી અને સંસ્કૃત વિભાગ ધ્વારા યોજાયેલ નાટય સાહિત્ય પરના સેમિનારમાં ગુજરાત વિષયના પ્રસ્તુત થયેલ લેખોનું પુસ્તક પ્રકાશિત કરવામાં આવ્યું.

ગુજરાતી વિભાગમાં પ્રો.વિરેન્દ્રસિંહ પરમાર ગુજરાતી વિભાગના અધ્યક્ષ તરીક કામગીરી સંભાળી રહયા છે. ઉપરાંત કોલેજની વિવિધ સમિતીઓમાં સભ્ય તરીકે સેવા આપી રહયા છે.

પ્રો.દિલીપસિંહ પરમાર પણ ગુજરાતી વિભાગના અઘ્યાપક છે. તેઓ હેમ.ઉ.ગુ.યુનિ. ના સેનેટ સભ્ય છે. ચાલુ વર્ષે તેમણે ૧ રાષ્ટ્રીય સેમિનારમાં ઉપસ્થિત રહી સંશોધન પેપર રજૂ કરેલ છે. અને કોલેજની વિવિધ કમીટીઓમાં કાર્યરત છે.

ગુજરાતી વિભાગમાં અઘ્યાપક તરીકે ડૉ.યોગેશ પટેલ તજજ્ઞ વ્યાખ્યાન આપવા માટે અન્ય કોલેજમાં ગયા હતા. ચાલુ વર્ષે તેમણે સંશોધનનું મણિલાલ હ.પટેલ વ્યકિતત્વ અને વાઙમય પુસ્તક પ્રગટ કયું છે. ચાલુ વર્ષે તેમનું આંતર રાષ્ટ્રીય ઇ-મેગેઝીન (IJRAR) માં ૧ સંશોધન પેપર પ્રકાશિત થયેલ છે. ગુજરાતી વિભાગમાં ડૉ.મનિષભાઈ ચૌધરી કાર્યરત છે સાથે એન.સી.સી. ના ઓફિસર તરીકે પણ સેવા આપી રહયા છે. ૨ રાષ્ટ્રીય તથા ૧ રાજયકક્ષાના સેમિનારમાં ઉપસ્થિત રહી સંશોધન પેપર રજૂ કર્યું છે. ચાલુ વર્ષે તેમનું આંતર રાષ્ટ્રીય ઇ-મેગેઝીન (IJRAR) માં ૧ સંશોધન પેપર પ્રકાશિત થયેલ છે. ડૉ.યોગેશ પટેલ તથા ડૉ.મનિષ ચૌધરી સાથે મળીને સંગીત તાલીમ શિબિરનું સંચાલન કરેલ છે.

**બિન શૈક્ષણિક :–**

બિન શૈક્ષણિક સ્ટાફમાં શ્રી પંકજભાઈ મહેતા સિનિયર કલાર્ક તરીકે કાર્યરત છે. શ્રી અરવિંદભાઈ પટેલ, શ્રી વિરાભાઈ રાવળ તથા વિરજીભાઈ ચૌધરી જુનિયર કલાર્ક તરીકે કાર્યરત છે. કોલેજ કાર્યાલયમાં કોમ્પ્યુટરાઈઝ સિસ્ટમનો ઉપયોગ થઈ રહયો છે. શ્રી પ્રવિણભાઈ પ્રજાપતિ, શ્રી ભાથીસિંહ ચૌહાણ, શ્રી કોદરભાઈ તરાલ, શ્રી કેતનભાઈ ચૌધરી, શ્રી મુકેશભાઈ ભુતેડીયા અને શ્રી હજુસિંહ ચૌહાણ ચોકીદાર તરીકે સેવાઓ આપી રહયા છે. તથા કોમ્પ્યુટર ઓપરેટર શ્રી રણજીત રાવતની કામગીરી વર્ષ દરમ્યાન ખૂબજ પ્રશંસનીય રહી છે.

**ઉદીશા પ્લેસમેન્ટ સેલ :–**

કે.સી.જી. ગુજરાતના શિક્ષણ વિભાગ ધ્વારા આયોજિત ફીનીશીંગ સ્કુલ અંતર્ગત ૪૩ વિદ્યાર્થીઓની એક બેચનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું જેમાં વિદ્યાર્થીઓમાં Employability skill and life skill અંતર્ગત ૮૦ કલાકનું માર્ગદર્શન આપવામાં આવ્યું. ગત વર્ષે ૪૦ જેટલા વિદ્યાર્થીઓ Municipal Arts & Urban Bank Science College, Mehsana ખાતે સરકાર ધ્વારા આયોજિત જોબ પ્લેસમેન્ટ ફેરમાં ભાગ લઈ ચૂકયા છે.

## અદ્યતન સુવિધાઓ :–

- ❖ નમો વાઈ–ફાઈ
- ❖ અદ્યતન કોમ્પ્યુટર લેબ ઈન્ટરેટ સુવિધા સહિત
- ❖ કોલેજના દરેક વર્ગખંડો એલ.સી.ડી. પ્રોજેકટર સુવિધા યુકત
- ❖ દરેક અધ્યાપકને લેપટોપની સુવિધા
- ❖ ત્રણ વર્ગખંડોમાં ઈન્ટરેકટીવ પેનલ સ્માર્ટબોર્ડની સુવિધા
- ❖ વીસ જેટલા ઈન્ટરનેટ બ્રોડબેન્ડ કનેકશન
- ❖ કમ્પ્યુટરાઈઝ ગ્રંથાલય, વિદ્યાર્થી, અધ્યાપકોને ઈન્ટરનેટ સુવિધા
- ❖ જનરેટરની સુવિધા
- ❖ ગર્લ્સ હોસ્ટેલ
- ❖ ઈન્ડોર સ્પોર્ટસ હોલ
- ❖ સી.સી. ટીવી કેમેરા
- ❖ કેન્ટીન
- ❖ સ્વતંત્ર ગ્રંથાલય
- ❖ અદ્યતન પાર્કીગ વ્યવસ્થા

## કોલેજના વિશિષ્ટ પાસાઓ ઉપર એક નજર ......

- ➢ સ્ટુન્ડન્ટસપોર્ટ સર્વિસ ઉપર વિશેષ ભાર
- ➢ અંધ, અપંગ, અશકત વિદ્યાર્થીઓ માટે પુસ્તક ઈસ્યુમાં પ્રાથમિકતા
- ➢ ગરીબવિદ્યાર્થી રાહત ફંડ અંતર્ગત સરકારી શિષ્યવૃતિ ન મળતા વિદ્યાર્થીઓને ખાસ આર્થિક સહાય આપવામાં આવે છે.
- ➢ ઓડીયો વીજયુઅલ માઘ્યમ થકી અઘ્યયન અઘ્યાપન.
- ➢ દર વર્ષે કોલેજમાં નવા પ્રવેશ લેતા વિદ્યાર્થીઓ માટે થેલેસેમિયા પરીક્ષણ
- ➢ દરેક વિષયમાં અને સમગ્ર કોલેજમાં પ્રથમ આપનારને ગોલ્ડ મેડલ
- ➢ ૩ સ્માર્ટ કલાસરૂમ
- ➢ કૉલેજની એપ્લીકેશન (RMP)ની વિધિવત શરૂઆત.

**આગામી આયોજન .....**

- રૂસા હેઠળ મળેલ અનુદાનમાંથી રિનોવેશન અને નવીન બાંધકામ
- શિખવા – શિખવવાની પ્રક્રિયામાં ICT નોલ વધુ ઉપયોગ.
- નેક સાઈકલ –૩ ની સજ્જતા અને સહભાગીતા
- રમત ગમત ક્ષેત્રે વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા **ખાસ આર્થિક ભંડોળ** ઉભુ કરવું.
- સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે કાયમી ટ્રેનીંગ સેન્ટર ઊભુ કરવું.
- સપ્તધારા અભિયાનને વેગવતું બનાવવા પ્રયત્નશીલ રહેવું.
- સંશોધન પ્રોઝેકટક્ષેત્રે વધુ ધ્યાન કેન્દ્રીત કરવું
- રોજગારલક્ષી ટૂંકાગાળાના અભ્યાસક્રમોને પ્રાધાન્ય આપવું
- પ્લેસમેન્ટ અને રોજગારી લક્ષી આયોજનો કરવા
- ગાંધીજીના વિચારનો પ્રચાર પ્રસાર કરવો
- એક ભારત શ્રેષ્ઠ ભારત હેઠળ પ્રવૃતિઓ કરવી.
- સ્વચ્છતા અભિયાનને વેગવંતુ બનાવ્યું